અપીલ અરજી નં.૨૫૯ તા.૧૦-૧૧-૦૯/૧૦

અરજદારઃ- શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ- શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ-**

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬-૧૦-૦૯ ની અરજીથી તા.૨૨-૯-૦૯ના રોજ વોર્ડ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની જર્જરીતા અંગેની અરજી આપેલ મિલ્કતને રીપેરીંગની મંજુરી આપ્યા અંગેની નકલ, પાણીનો ટાંકો મુકવા અંગેની નકલ વધારે બોજો વધાર્યો હોય તેની સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટની નકલ તથા અમો અરજદારની અરજીની કાર્યવાહી આખરી નિકાલ અંગેની નકલ, સર્વે નકલો સહી-સિકકા સહિત આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૦-૧૧-૦૯ ની અપીલ અરજી નં.૨૫૯/૨૦૦૯-૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬-૧૦-૦૯ ની અરજીથી તા.૨૨-૯-૦૯ના રોજ વોર્ડ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની જર્જરીતા અંગેની અરજી આપેલ મિલ્કતને રીપેરીંગની મંજુરી આપ્યા અંગેની નકલ, પાણીનો ટાંકો મુકવા અંગેની નકલ વધારે બોજો વધાર્યો હોય તેની સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટની નકલ તથા અમો અરજદારની અરજીની કાર્યવાહી આખરી નિકાલ અંગેની નકલ, સર્વે નકલો સહી-સિકકા સહિત આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૦૩૭ તા.૩-૧૧-૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦-૧૧-૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૫ તા.૧૮-૧૧-૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૭૬ તા.૧-૧૨-૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને માહિતી મેળવવા અંગે સે.ઝોન/આરટીઆઈ/આ.ન. ૯૫૭ તા.૧૨-૧૦-૦૯ ના પત્રની નકલ, સી.ઝેડ/આરટીઆઈ/આ.ન.૧૦૩૭ તા.૩-૧૧-૦૯ ના રોજ માહિતી પૂરી પાડયાની નકલ,મહંમદ અશફાક બશીર મહંમદ મન્સુરીની તા.૨-૯-૦૯ ની રીપેરીંગ અંગે કરેલી અરજીની નકલ, સીટી સર્વેની નકલ, મકાનનો ફોટોગ્રાફ તથા ટેક્ષ ભર્યાની રસીદની નકલ, રીપેરીંગ અંગે કોન્ટ્રાકટરનું સર્ટી, સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજૂ કરેલા છે. જે પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૬-૧૦-૦૯ ની અરજીથી તા.૨૨-૯-૦૯ના રોજ વોર્ડ નં.૧૨/૨૪૪૧ મિલ્કતની જર્જરીતા અંગેની અરજી આપેલ મિલ્કતને રીપેરીંગની મંજુરી આપ્યા અંગેની નકલ, પાણીનો ટાંકો મુકવા અંગેની નકલ વધારે બોજો વધાર્યો હોય તેની સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટીફીકેટની નકલ તથા અમો અરજદારની અરજીની કાર્યવાહી આખરી નિકાલ અંગેની નકલ, સર્વે નકલો સહી-સિકકા સહિતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં/૯૫૭ તા.૧૨-૧૦-૦૯ થી માહિતી મેળવવા અંગે દસ્તાવેજ ફી રૂા.૧૪/- ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૪-૧૦-૦૯ ના રોજ રસીદ નં.૭૯૪૭૦ ના રોજ રૂા.૧૪/- ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જે અરજદારે અપીલ તબકકે મિલ્કત માલિકની અરજીની નકલ તથા પ્રોપર્ટીની સીટી સર્વેની નકલ તથા ટેક્ષ ભર્યાની રસીદ, ફોટો કોપી કોન્ટ્રાકટરનું સર્ટીફીકેટ તથા સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજૂ કરેલ છે તથા તે રીપેરીંગ અંગે મોકલેલ પેપર્સ અરજદારને નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૩૭ તા.૩-૧૧-૦૯ થી અરજદારને પાના નં.૧ થી ૭ ની માહિતી પૂરી પાડયાની પત્રની નકલ રજૂ કરેલ છે. અરજદારે તા.૧૦-૧૧-૦૯ ના રોજ અપીલ અરજી કરી અરજદારે અરજીની કાર્યવાહીની માહિતી તથા સીવીલ એન્જી. ના બિલ્ડીંગની પ્રથમ પરિસ્થિતિની તથા બાદની પરિસ્થિતિના સર્ટીફીકેટની માન્યતા અંગેની પ્રમાણપત્રની નકલ ન મળ્યાની તથા સદરહુ મિલ્કતના જર્જરીતા રીપેરીંગની મંજુરીની છત પર પાણીનો ટાંકો મુકયા અંગેની બિલ્ડીંગ સ્ટ્રકટરના સ્ટેબીલીટી સર્ટીફીકેટની તથા અરજદારે આપેલ તા.૨૨-૯-૦૯ ની ભયજનક અરજીની આગળની કાર્યવાહીની નકલ, સિકકા સહિત મેળવવા બાબત તથા અરજદારે સદરહુ મિલ્કતના સીવીલ એન્જી.ના સર્ટીફીકેટ અને બિલ્ડીંગ સ્ટ્રકચરના સ્ટેબીલીટી સર્ટીફીકેટને સરકારી અધિકારીએ માન્ય કરેલા પ્રમાણપત્રની માહિતની નકલની માંગણી અપીલ તબકકે કરેલ છે. અરજદારે અપીલમાં કરેલી રજૂઆત અંગે શ્રી એન.એ. ગાયવાળાએ તેમને આપેલા તા.૪-૮-૦૯ અને તા.૫-૧૦-૦૯ ના રોજ આપેલ બિલ્ડીંગ સ્ટ્રકચરના સ્ટેબીલીટી સર્ટીફીકેટમાં માહિતીનો સમાવેશ થાય છે જે અરજદારે ખુદ અપીલ તબકકે રજૂ કરેલ છે અને અપીલમાં કરેલી રજૂઆત કે સદરહુ સર્ટીફીકેટો મળેલા નથી તે વિરોધાભાસી છે તેમજ વિસંગત છે. આરટીઆઈ એકટની કલમ-૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬-૯-૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોઈ માહિતી સબંધે અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી દફતર તપાસણી સહિતની માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૧૨ - ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,